अवंतीनां पराक्रमो
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવંતીના પરાક્રમો

[ચીની વિનોદકથાઓ]

ચીની કથાઓ !

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

૮૦૧૧

૮૦૧૧
૫૨

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या 20 ग / 42

पंजिका संख्या 37,242

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૩૨૮૮૫

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૨૦૯

અવંતીનાં પરાક્રમો

અવન્તિના પરાક્રમો !

[ચીની વિનોદકથાઓ]

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

સ્ટાક ક્રમાંકીકરણ ૧૯૮૪-૧૯૮૫

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦



પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪ : મુંબઈ–૨

૩૦ નવા પૈસા એપ્રિલ, ૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

'બિરબલ અને બાદશાહ', 'અડવાનાં પરાક્રમો' વગેરે જેવી આપણી વાતોને કયાંક કયાંક યાદ કરાવે એવી ઝળક ભરેલી આ વાતો શ્રી. મુકુલભાઈએ ચીની લોકસાહિત્યમાંથી વીણી લાવીને ગુજરાતી વાચકોને સરળ ભાષામાં ઉતારીને આપી છે; તે માટે તેના વાચકો જરૂર એમને ધન્યવાદ આપશે.

'અડવા' જેવો લાગતો અવંતી આ વાર્તાઓનું મુખ્ય પાત્ર છે. એક એક વાર્તા એના એક એક પરાક્રમ જેવી છે. અને તે દરેકમાં અવંતીની શક્તિનાં દર્શન થશે, જેમાં વિનોદ, રમૂજભરી હાજરજવાબી અને સચોટ વિદુષકતા જણાશે.

આ વાર્તાઓ દ્વારા ચીની લોકોની પ્રકૃતિ કેવી હશે, એનો ખ્યાલ પણ ગયા વગર નહીં રહે. આજ સામ્યવાદી સંસ્કૃતિની ચડાઈ ત્યાં થઈ છે, છતાં લોક-પ્રકૃતિ એમ બદલાતી નથી. ચીની લોકો પ્રાચીન કાળથી આપણા પડોશી રહેલા છે. ધર્મમાં તેઓએ ભગવાન બુદ્ધનો જગસંદેશ અપનાવ્યો છે. પરંતુ એમની મૂળ પ્રકૃતિ ઘડનારા તો કૉન્ફ્યુશિયસ, લાઓત્સે જેવા તે લોકોના રાષ્ટ્રપુરુષો છે.

આપણી પેઠે ચીનની સંસ્કૃતિ પણ પ્રાચીનમાં પ્રાચીન એક છે. એને સમજવામાં પણ આ કથાઓ કાંઈક ફાળો આપશે માનું છું.

હવે આપણા લોકોએ આપણા એશિયાઈ પડોશીઓ વિષે નિકટમાં આવીને જાણવું જોઈએ. તેમની ભાષાઓ પણ શીખવી જોઈએ, જેથી તેમના ચાલુ જીવન, સાહિત્ય, વિચારો તથા પુરુષાર્થ અંગે સીધી માહિતી આપણને મળી શકે. એ બધું આપણી ભાષાઓમાં ઊતરે તો તે વાટે સૌને મળી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુકુલભાઈનો આ પ્રયત્ન તે દિશાનો ગણાય. તે એમણે અંગ્રેજી પરથી કર્યો છે. વાચકોને ખબર હશે જ કે, શ્રી. મુકુલભાઈએ આ પહેલાં 'ચીન દેશનાં કથાનકો' નામની પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

આવી અવંતીની કથાઓ આમ તો અનેક બીજી છે. સંપાદકે તેમાંથી ૨૧, આપણી રુચિને પસંદ પડે એવી, વીણી આપી છે. આશા છે, તે વાચકોને ગમશે.

૨૬–૩–'૫૯

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩	૧૧. પંડિતોના પ્રશ્નો	૧૭
અવંતીનાં પરાક્રમો		૧૨. ઉંદરનો ઉપાય	૨૦
૧. ભાઈ, હું ખોટો!	૫	૧૩. પાણીને આગ લાગે તો. . .	૨૧
૨. ચોરથી સંતાયો	૬	૧૪. કોણ વધારે ઉપયોગી?	૨૧
૩. ધુવડ શું બોલ્યું?	૭	૧૫. પૃથ્વી ગબડી પડે!	૨૨
૪. વાંદરો વેચવા ચાલ્યો!	૮	૧૬. પોતે લખેલું પોતે જ વાંચે!	૨૩
૫. ગાય વેચવા ચાલ્યો!	૯	૧૭. તરસ્યું ગજવું!	૨૪
૬. ચાદગીરીની વીંટી!	૧૧	૧૮. વધારે તૃપ્તિ	૨૫
૭. લેવડદેવડ!	૧૩	૧૯. સારી શિખામણ!	૨૬
૮. ઘર બદલ્યું!	૧૪	૨૦. કઢાઈનું બચ્ચું!	૨૮
૯. ગાયને પૂછો!	૧૫	૨૧. બે ગધ્રેડાનો ભાર!	૩૨
૧૦. કામગરો અંતી!	૧૬		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ભાઈ, હું ખોટો!

એક વાર અવંતી નિર્જન રસ્તે થઈને જતો હતો. રાતની વેળા હતી. એવામાં તેણે કેટલાક માણસોને ઘોડા પર બેસીને એની પાછળ આવતા જોયા. અવંતીને લાગ્યું કે, આ લોકો મને કદાચ કનડશે. તેથી તે ગભરાઈ જઈને રસ્તાની બાજુ પર આવેલા સ્મશાનમાં દોડી ગયો અને ખોદેલી કબરના એક ખાડામાં સંતાઈ ગયો.

ઘોડેસવારોએ દૂરથી આ જોઈ લીધું. તેથી તેઓ પેલા ખાડા પાસે જઈને જોરથી બૂમ પાડીને પૂછવા લાગ્યા : "અરે, અહીં કોણ સંતાઈ ગયું છે?"

અવંતી કબરના ખાડામાંથી માથું ઊંચું કરીને બોલ્યો : "ભાઈ, હું તો આ કબ્રસ્તાનમાં દાટેલા મરેલા માણસોમાંનો એક છું."

ઘોડેસવારે નવાઈ પામીને પૂછ્યું : "રાતના સમે મરેલો માણસ આમ બહાર શા માટે આવે?"

અવંતી — "ચોખ્ખી હવા લેવા માટે."

ઘોડેસવાર — "શું મરેલા માણસને પણ ચોખ્ખી હવાની જરૂર પડે છે ખરી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવંતી બોલ્યો : "હા, હા, કેમ નહીં? . . . ના . . . ના . . . તમે સાચા છો; હું બોટો છું!"

એમ કહીને અવંતી પાછો કબરમાં સંતાઈ ગયો.

૨

ચોરથી સંતાયો

એક દિવસ અવંતીના ઘરમાં ત્રણ ચોર દાખલ થયા. અવંતીએ એ જોયું; એટલે તે એક મોટા પટારામાં સંતાઈ ગયો.

ચોર લોકો અવંતીના ઘરમાં બધે તપાસ કરવા લાગ્યા; પરંતુ તેમને લઈ જવા જેવી એકેય વસ્તુ હાથ લાગી નહીં.

છેવટે તેમની નજર પેલા પટારા ઉપર પડી. તે રાજી થતા થતા પેલા પટારા પાસે ગયા અને ઉઘાડીને જુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તો અંદર અવંતી! એટલે તે બોલી ઊઠ્યા: "એય, તું પટારામાં લપાઈ જઈને શું કરતો હતો?"

અવંતી બોલ્યો: "મારા ઘરમાંથી તમારે લઈ જવા લાયક એકેય વસ્તુ તમને હાથ લાગવાની નથી, એ હું જાણતો હતો. તેથી શરમનો માર્યો આ પટારામાં સંતાઈ ગયો હતો!"

૩

ઘુવડ શું બોલ્યું?

અવંતીએ એક વાર પોતાની અક્કલ વિષે બડાશ મારતાં એવી ગપ મારી કે, મને પંખીઓની ભાષા સમજતાં સરસ આવડે છે.

આ વાતની જાણ રાજાને થઈ. તેથી જ્યારે તે એક વાર શિકાર કરવા નીકળ્યો, ત્યારે તેણે અવંતીને પણ સાથે લઈ લીધો.

રસ્તામાં એક ખંડેર ઉપર એક ઘુવડ બેઠું બેઠું ઘૂઘવતું હતું. એ જોઈને રાજાએ અવંતીને પૂછ્યું: "અલ્યા, તને તો પંખીઓની ભાષા સમજતાં આવડે છે ને? તો બોલ, જોઉં; આ ઘુવડ શું કહી રહ્યું છે?"

અવંતીએ તરત જ જવાબમાં ગોળો ગબડાવતાં કહ્યું: "આ ઘુવડ આપ નામદારને જોઈને એમ કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું છે કે, આ રાજા જો પ્રજાને કનડવાનું નહીં છોડી દે, તો તેનું રાજ્ય પણ થોડા જ વખતમાં મારા આ માળાની માફક ખંડેર જેવું બની જશે."

૪

વાંદરો વેચવા ચાલ્યો !

એક વાર અવંતી એક વાંદરો વેચવા બજારમાં જતો હતો. રસ્તામાં વાંદરાની પૂંછડી ગંદી થઈ ગઈ.

અવંતીને થયું, 'આવી ગંદી પૂંછડી જોઈને કોઈ આ વાંદરાને ખરીદશે નહીં.' એટલે તેણે તો એની પૂંછડી જ કાપી નાખી અને પોતાના થેલામાં મૂકી દીધી !

બજારમાં ઘરાકો આવે; પણ દરેક જણ વાંદરાને જોઈને આગળ ચાલ્યો જતો હતો. એક ઘરાકે થોભી જઈને અવંતીને કહ્યું : "આ વાંદરો ઘણો જ સારો છે. એને ખરીદવાનું મન થઈ જાય છે. પરંતુ અફસોસ ! એ બાપડાને પૂંછડી નથી !"

એ સાંભળીને અવંતી બોલ્યો : "અરે, એમ તે કંઈ બને ? તમને વાંદરો ગમી ગયો હોય તો એની પૂંછડી હું તમને આપીશ. મેં એને મારા આ થેલામાં મૂકી રાખી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ગાય વેચવા ચાલ્યો!

અવંતીની ગાય મારકણી હતી તથા દૂધ પણ દેતી ન હતી. એટલે તેની પત્નીએ એને વેચી નાખવા કહ્યું. તેથી અવંતી ગાયને લઈ ને ઢોરોની ગુજરીમાં ગયો.

ગુજરીમાં કોઈ ઘરાક ગાય જોવા આવે, તેને અવંતી કહેતો : "ભાઈ, ગાયને બરોબર જોઈ તપાસીને લેજો. પછી મને દોષ ન દેતા. આ ગાય તમને દૂધનો એક છાંટોય આપે એવી નથી. હા, તમને કોઈ વાર એનાં શીંગડાંનો સ્વાદ ચખાડશે ખરી!"

આવું સાંભળીને દરેક ઘરાક ગાય ખરીદ્યા વિના ચાલ્યો જતો. આવી મારકણી અને દૂધ નહીં દેતી ગાય કોણ ખરીદવા તૈયાર થાય?

બાજુમાં જ ઢોરોને વેચનારો એક વેપારી ઊભો હતો. તે અવંતીની આવી મૂર્ખાઈભરી રીત જોઈ ને હસતો હસતો બોલ્યો : "ભલા આદમી, આમ તે કંઈ ગાય વેચાતી હશે? લાવ, એ મને આપ. હું એને અબઘડી વેચી આપું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવંતી બોલ્યો : "ભાઈ, તમારા જેવું ભલું કોઈ નહીં, લો આ ગાય!" એમ કહીને તેણે પેલા વેપારીના હાથમાં ગાયના દોરડાનો છેડો આપી દીધો.

વેપારી મોટે અવાજે દમામભેર બોલવા લાગ્યો : "મહેરબાન સાહેબો, આ ગાયને જરા જુઓ તો ખરા! એ રોજનું દશ શેર દૂધ આપે છે. વળી એ બાપડી ઘેટા જેવા નરમ સ્વભાવની છે. જે આ ગાયને ખરીદશે તે ખરેખર ફાવ્યો જાણજો! આવી સુંદર તક ખોશો તો પાછળથી પસ્તાશો."

આ સાંભળતાં જ અવંતીએ પેલા વેપારીના હાથમાંથી દોરડું ઝૂંટવી લીધું અને કહ્યું : "જો આ ગાય ઘેટા જેવી ગરીબડી હોય અને રોજ દશ શેર દૂધ આપતી હોય, તો હું એને શું જોઈને વેચી નાખું? ભલે એ મારે ત્યાં જ રહી. આવી મજાની ગાયને વેચી નાખીને મારે મૂરખમાં નથી ખપવું!"

એમ કહીને તે ગાય લઈ ને ઘેર જવા લાગ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ચાદગીરીની વીંટી !

અવંતીનો એક દોસ્ત વેપારી હતો. તે લાંબી મુસાફરીએ જવાનો હોવાથી અવંતીની વિદાય લેવા આવ્યો.

અવંતીના હાથમાં સોનાની સુંદર વીંટી જોઈ તેને એ વીંટી પડાવી લેવાનું મન થયું. તે વિચારવા લાગ્યો કે, 'અવંતી તો મૂરખ માણસ છે. એ ભાઈસાહેબનાં જરા વખાણ કરીશ, એટલે એ ફૂલણજી બની જઈ મને એની વીંટી આપી દેશે.'



આમ વિચારીને તે બોલ્યો : "મારા વહાલા દોસ્ત, આટલો લાંબો વખત તારાથી વિખૂટા પડવાનું થશે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર જ મારાથી સહન થતો નથી! મને તારા વિના પરદેશમાં જરાયે ગમશે નહીં. તારી યાદ મને સતાવ્યા કરશે. માટે તારી આ વીંટી તું મને પહેરવા આપી દે, જેથી એની સામે નજર કરીશ અને તું જાણે મારી પાસે જ છે, એમ હું માનીશ. તું આમ વીંટી રૂપે પરદેશમાં પણ મારી સાથે રહેશે, એટલે તારો વિયોગ મને સાલશે નહિ. તારા જેવા પ્રેમાળ મિત્રથી છૂટા પડવાનું કોને ગમે?"

અવંતી પાસે એ વીંટી સિવાય બીજું કશું હતું નહીં. એટલે તેને વીંટી આપવાનું મન ન થયું. તે વિચારવા લાગ્યો, 'આ તો ભારે થઈ! કંઈક એવું કહું કે જેથી એનું પણ માન સચવાય અને મારી પાસે મારી વીંટી પણ રહે.'

આમ વિચાર્યા પછી તે ઉદાસ હોવાનો દેખાવ કરી બોલ્યો: "દોસ્ત, મારી પણ દશા તારા જેવી જ છે! તારાથી વિખૂટો પડીને હું પણ કેમ કરીને જંપવાનો હતો? તો એમ જ કર: એ વીંટી હું જ પહેરી રાખીશ; અને જેટલી વાર હું એની તરફ જોઈશ તેટલી વાર મને યાદ આવશે કે, તારા જેવા દિલોજાન દોસ્તે યાદગીરી માટે એ માગી હતી, છતાં મેં તેને એ આપી નહોતી! એમ હરહંમેશ તારી યાદગીરી મને કાયમ રહેશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

લેવડદેવડ !

એક વાર અવંતી કાપડની દુકાને પાયજામો ખરીદવા ગયો. તેણે પાયજામાની કિંમત ઠરાવી. પણ જ્યારે પૈસા આપવાનો વખત આવ્યો ત્યારે તેનું મન મોળું પડ્યું. તે મનમાં વિચારવા લાગ્યો : 'મેં જે પાયજામો પહેર્યો છે તે હજી થોડા દિવસ ચાલે એમ છે. માટે હમણાં પાયજામો ખરીદીને શું કરું ?' પછી તેણે દુકાનદારને કહ્યું : "ભાઈસાહેબ, આ પાયજામાને બદલે મને ખમીસ આપશો કે ?"

દુકાનદારે કહ્યું : "તમે પાયજામો લો કે ખમીસ લો; મારે મન તો બંને સરખી કિંમતનાં જ છે." એમ કહીને દુકાનદારે અવંતીને ખમીસ આપ્યું અને અવંતીએ પોતાના હાથમાં પાયજામો હતો તે દુકાનદારને આપી ચાલવા માંડ્યું.

આ જોઈને દુકાનદારે દોડી જઈ અવંતીને પકડી પાડ્યો અને કહ્યું : "અલ્યા, તું ખમીસની કિંમત આપ્યા વિના ક્યાં જાય છે ?"

અવંતી બોલ્યો : "કેમ ? મેં તમને એના બદલામાં પાયજામો આપ્યો છે ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વાહ રે વાહ! તું પણ અજબ છે!" એમ કહીને પેલો દુકાનદાર અવંતીના હાથમાંથી ખમીસ ખેંચી લઈ ને પાછો ફર્યો.

૮

ઘર બદલ્યું!

એક રાતે કેટલાક ચોર અવંતીના ઘરમાં ઘૂસ્યા. ઘરમાં કોઈ ને ન જોઈ ને તેમણે બધો સામાન ઝટપટ બાંધી લીધો અને ચાલતી પકડી.

તેઓ એકાદ ખેતરવા દૂર ગયા હશે, એવામાં અવંતી પોતાના ઘરમાં બાકી રહી ગયેલા થોડાક સામાનનું પોટલું ઉપાડીને દોડતો દોડતો તેમની પાછળ આવ્યો.

આ જોઈ ને ચોરોએ ઊભા રહી તેને પૂછ્યું: "અલ્યા, તું આટલી મોડી રાતે ગાંસડો ઉપાડીને ક્યાં જઈ રહ્યો છે?"

અવંતી બોલ્યો: "દોસ્તો, ઘણા દિવસથી હું મારું ઘર બદલવાનો વિચાર કર્યા કરતો હતો. પરંતુ બધો સામાન શી રીતે ખસેડવો, એ મને સૂઝતું ન હતું. કારણ કે ગાડાની જોગવાઈ કરી શકું એવું મારું ગજું નથી. પરંતુ તમે મારા પર ઉપકાર કરીને આટલો બધો સામાન ઉપાડી જવા તૈયાર થયા છો, એ જાણી મને બહુ આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો છે. આ દુનિયામાં તમારા જેવા માયાળુ લોકો મળવા મુશ્કેલ છે! મને થયું કે, તમે પાછા આવીને બાકીનો સામાન લઈ જશો, એના કરતાં હું એટલો સામાન ઉપાડી લઉં તો મારાં હાડકાં ઓછાં ઘસાઈ જવાનાં છે? એટલે એનું પોટલું બાંધીને તમારી પાછળ દોડતો આવ્યો છું."

૯

ગાયને પૂછો!

એક વાર અવંતીએ એક ગાય ખરીદ કરી. એ તેને લઈને ઘેર જતો હતો. રસ્તે મળતા એના ઓળખીતાઓ એને પૂછતા: "કેમ અવંતી, ગાય લઈ આવ્યો કે? એની શી કિંમત આપવી પડી?"

આમ દરેક જણ ગાયની કિંમત પૂછયા કરે. સૌને એનો જવાબ આપી આપીને અવંતી કંટાળી ગયો!

એવામાં તેના ઓળખીતા બે જણા સામેથી આવ્યા. તેમણે પણ અવંતીને ગાયની કિંમત પૂછી. એટલે અવંતી બોલ્યો: "સજ્જનો, તમે બધા મને ગાયની કિંમત પૂછી પૂછીને શા માટે સતાવો છો? તમારે ગાયની કિંમત વિષે જાણવું જ હોય તો તમે ગાયને જ કેમ પૂછતા નથી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

કામગરો અવંતી !

એક વાર કેટલાક તોફાની છોકરાઓને અવંતીની મશ્કરી કરવાનું મન થયું. એટલે તેઓ અવંતી પાસે જઈને કહેવા લાગ્યા : "અવંતીકાકા, પેલા ઝાડ ઉપર પંખીનાં ઈંડાં છે. એ તમે અમને નહીં ઉતારી આપો? અમારાથી ઝાડ પર ચડી શકાય એમ નથી!"

અવંતીને બાળકો નારાજ થાય એ ગમતું નહીં. એટલે તે ઝાડ ઉપર ચડવા તરત જ તૈયાર થયો. પણ છોકરાઓના ચેનચાળા ઉપરથી એને ખબર પડી ગઈ કે, આ છોકરાઓ જરૂર કંઈક મસ્તીતોફાન કરવા માગે છે. તેથી તેણે ચડવાની તૈયારીમાં પોતાના જોડા કાઢીને પોતાના કમર-પટામાં ભેરવી દીધા.

આ જોઈને છોકરાઓ બોલ્યા : "અવંતીકાકા, અમે તમારા જોડા સાચવીશું."

અવંતી કહે : "વાહ! તમે કેવા ડાહ્યા છોકરાઓ છો. પરંતુ મારે ઘેર મને કેટલું બધું કામ રહે છે એ તમે જાણો તો છો જ. માટે તમને ઈંડાં આપીને ઝાડની ટોચ ઉપર થઈને બારોબાર હું મારે ઘેર ચાલ્યો જઈશ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

પંડિતોના પ્રશ્નો

એક વખત રાજાને ત્યાં ત્રણ પરદેશી વેપારીઓ આવી ચડ્યા. થોડા દિવસ રહ્યા પછી તેમણે રાજાને કહ્યું : "અમને ત્રણેને એક એક અઘરો સવાલ સતાવી રહ્યો છે; પણ તેના જવાબ આપે એવો ચતુર માણસ અમને હજી કચાંય જડતો નથી!"

રાજાને પોતાના દરબારના પંડિતો પર ભરોસો હતો. એટલે તેણે મહેમાનોને કહ્યું : "તમે મારા દરબારના પંડિતોને તમારા સવાલ પૂછો. તેઓ જરૂર એમનો જવાબ આપશે."

બીજે દિવસે વેપારીઓ દરબારમાં ગયા અને તેમણે એકે એકે ઊભા થઈને પંડિતોને પોતાનો સવાલ પૂછ્યો. પરંતુ સવાલો સાંભળીને પંડિતોના તો છક્કા જ છૂટી ગયા!

આ જોઈને રાજા ગુસ્સે થઈ ગયો : 'શું મારા રાજ્યમાં એવો કોઈ માણસ નથી જે આ સવાલોના જવાબ આપી શકે?'

એક દરબારીને થયું કે, અવંતીને જો બોલાવવામાં આવે તો એ આમાંથી કોઈ મારગ કાઢશે. એટલે તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાજીને હાથ જોડીને કહ્યું : "રાજાજી, આપ અવંતીને બોલાવો. તે જરૂર આ લોકોની ઇચ્છા પૂરી કરી શકશે."

રાજાએ અવંતીને તેડી લાવવા માણસો મોકલ્યા.

થોડી વારમાં અવંતી ગધેડા પર બેસીને રાજ-દરબારમાં હાજર થયો.

પહેલા પરદેશીએ પોતાનો સવાલ પૂછ્યો : "ઘંટી પેઠે ગોળગોળ ફરતી આ ધરતીનો ખીલડો કઈ જગાએ છે?"

અવંતીએ જરાય આનાકાની કર્યા વિના કે ગૂંચવાયા વિના જવાબ આપ્યો : "એમાં તે શી મોટી વાત! મારું આ ગધેડું ઊભું છે, તેના આગલા જમણા પગની બરાબર નીચે."

પરદેશી કહે : "એની સાબિતી શી?"

અવંતી બોલ્યો : "તમને જો ભરોસો ન બેસતો હોય તો બોદીને જોઈ લો. જો ખીલડો જરાય આઘોપાછો જણાય તો તમે જ કહો તે કરવા આ બંદો તૈયાર છે."

આ જવાબ સાંભળીને પેલો પરદેશી કંઈ પણ બોલ્યા વિના છાનોમાનો બેસી ગયો.

બીજા પરદેશીએ પૂછ્યું : "આકાશમાં તારા કેટલા છે?"

અવંતીએ તરત જ કહ્યું : "મારા ગધેડાની પીઠ પર જેટલા વાળ છે એટલા આકાશમાં તારા છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો પરદેશી કહે : "પણ એની સાબિતી શી ?"

અવંતી બોલ્યો : "તમને પતીજ ના પડતી હોય તો મારા ગધેડાના વાળ એકે એકે ગણી જુઓ. અને આકાશના તારા કરતાં એક ઓછો કે વધારે હોય તો ખુશીથી મારી કાનપટ્ટી પકડીને બે ધોલ મારજો. બોલો, છે કબૂલ ?"

પરદેશી કહે : "અરે, ગધેડાના વાળ શી રીતે ગણી શકાય ?"

અવંતી કહે : "તમે તો આકાશના તારા ગણનારા છો ને ? તમને આ એક ગધેડાના વાળ ગણતાં કેટલી વાર લાગે ?"

બીજો પરદેશી બાપડો શું બોલે ! એ તો ચુપચુપ બાજુએ ખસી ગયો.

હવે ત્રીજા પરદેશીનો વારો આવ્યો. તેણે પૂછ્યું : "આ મારી દાઢી છે, તેમાં કેટલા વાળ છે ?"

અવંતી બોલ્યો : "મારા આ ગધેડાની પૂંછડી પર જેટલા વાળ છે તેટલા. જો આ ખોટું હોય તો તમારા બે દોસ્તદારોની મારફક ગણીને ખાતરી કરી લો !"

ત્રણે પરદેશીઓ અવંતીના જવાબ સાંભળીને છાનામાના ત્યાંથી વિદાય થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

ઉંદરનો ઉપાય

એક પડોશીએ અવંતીને મૂંઝવવા ખાતર કહ્યું : "અલ્યા અવંતી, ગજબ થઈ ગયો ! ગઈ રાતે જ્યારે હું સૂતો હતો, ત્યારે મારા મોંમાં ઉંદર પેસી ગયો છે ! હવે હું શું કરું ? કોઈ ઉપાય હોય તો બતાવ !"

અવંતી પાસે જવાબ તૈયાર જ હતો. તે બોલ્યો : "તમે કોઈ જીવતી બિલાડીને શોધી કાઢો અને એને



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા મોં વાટે પેટમાં જવા દો. એ તરત જ ઉંદરને પેટમાંથી પકડી લાવશે. એ વિના બીજો કશો ઉપાય નથી!"

૧૩

પાણીને આગ લાગે તો...

એક વાર અવંતીને કોઈ એ ગમ્મતમાં પૂછ્યું: "જો પાણીને આગ લાગે તો પાણીમાં રહેતી બિચારી બધી માછલીઓનું શું થાય?"

અવંતી પણ કંઈ ઓછો નહોતો. તે બોલ્યો: "એમાં ગભરાવા જેવું શું છે? બધી માછલીઓ ઝાડ પર ચડી જાય!"

૧૪

કોણ વધારે ઉપયોગી?

એક મિત્રે એક વાર અવંતીનું ટીખળ કરવા એને પૂછ્યું: "સૂર્ય અને ચંદ્ર એ બેમાં કોણ વધારે ઉપયોગી છે?"

અવંતી બોલ્યો: "અરે ભલા માણસ, એમાં પૂછવાનું શું હોય? ચંદ્ર જ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રે પૂછ્યું : "તું આમ ભારપૂર્વક શા ઉપરથી કહે છે?"

અવંતી પણ ગાંજ્યો જાય એવો ન હતો. તે ઠાવકાઈથી બોલ્યો : "જુઓ, સૂર્ય દિવસે દેખા દે છે; પણ એનાથી કશો ફરક પડતો નથી; કારણ કે દિવસે અજવાળું હોય જ છે! જ્યારે ચંદ્રમા રાતે ઊગે છે. તેથી ચંદ્રમા ન હોય તો આખી રાત ઘોર અંધારું જ છવાયેલું રહે!"

૧૫

પૃથ્વી ગબડી પડે!

એક દોસ્તદ્વારે લહેરમાં આવી જઈને અવંતીની બુદ્ધિની કસોટી કરવા એને પૂછ્યું : "સવાર પડે એટલે બધાં માણસો જુદી જુદી દિશામાં આમ તેમ કેમ જતાં દેખાય છે?"

અવંતીને જવાબ શોધવા માટે બહુ ઊંડા ઊતરવાની જરૂર જ શી હોય? તેણે તરત જ જવાબ આપ્યો : "આવો સવાલ પૂછીને તું તારી બુદ્ધિનું દેવાળું શા માટે કાઢે છે? તને આટલુંયે સમજાતું નથી? જો બધાં જ માણસો એક જ દિશામાં જાય તો પૃથ્વી એક બાજુએ એકઠા થયેલા ભારને લીધે ગબડી નહીં પડે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

પોતે લખેલું પોતે જ વાંચે!

એક વાર અવંતીના એક મિત્રે અવંતીને કહ્યું : "મારો ભાઈ શહેરમાં રહે છે. તમે એના પર પત્ર લખી આપશો કે?"

અવંતી બોલ્યો : "પણ મને શહેરમાં જવા જેટલો સમય મળશે કે કેમ, એ મોટો સવાલ છે!"

પેલો મિત્ર નવાઈ પામીને બોલ્યો : "હું તમને કંઈ શહેરમાં જવા કહું છું? હું તો તમને મારા ભાઈ પર પત્ર લખી આપવાનું કહું છું. હું બેચાર અક્ષર ભણ્યો હોત તો મારે આમ કોઈની ખુશામત કરવી ન પડત!"

અવંતીએ જવાબમાં કહ્યું : "તમે શું કહેવા માગો છો એ હું બરોબર સમજ્યો છું. પણ મારા અક્ષર એવા છે કે મારા સિવાય બીજો કોઈ પણ માણસ એ વાંચી શકે એમ નથી! તેથી જો તમને લખી આપેલું લખાણ તમારા ભાઈને વાંચી સંભળાવવા હું શહેરમાં નહીં જાઉં, તો પછી તમને પત્ર લખી આપવાનો કશો અર્થ જ નથી. એટલે જ મેં તમને પહેલાં કહ્યું કે, હું શહેરમાં જઈ શકું એમ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

તરસ્યું ગજવું !

એક વાર અવંતી લગ્નસમારંભમાં ગયેા હતેા. ત્યાં તેણે જોયું કે, એક મહેમાન સારી સારી વાનગી ખાવાને બદલે પેાતાના ડગલાના ગજવામાં ભરી રહ્યો હતેા !

આ જોઈને અવંતી ચાની કીટલી લઈને ધીમે ધીમે પાછળથી એની પાસે ગયેા અને તેના ગજવામાં ચા રેડવા લાગ્યેા.

અવંતીને આ રીતે ચા રેડતેા દેખીને એ મહેમાને જરાયે ઝંખવાણા પડચા વિના ગુસ્સે થઈને કહ્યું : "અલ્યા મૂરખ, મારા ગજવાએ તારું શું બગાડચું છે કે તું એમાં ચા રેડી રહ્યો છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવંતી બોલ્યો : "જ્યારે મેં જોયું કે, તમારા ગજવામાં ઠાંસી ઠાંસીને મીઠાઈ વગેરે ભરવામાં આવ્યાં છે, ત્યારે મને થયું કે, એ બાપડાને તરસ પણ લાગી હશે! તેથી મેં એની તરસ છિપાવવા એને ચા પાવા માંડી. બોલો, એમાં મેં બૂરું શું કર્યું?"

૧૮

વધારે તૃપ્તિ!

અવંતી અને તેની પત્ની એક દિવસ બેઠાં બેઠાં વાતચીત કરતાં હતાં. એવામાં અવંતીએ તેને મીઠું મીઠું હસતાં કહ્યું : "ઘરમાં નાસ્તા માટે કંઈ છે કે? હોય તો મને થોડું આપ."

પત્નીએ જરા છણકો કરીને કહ્યું : "તમે અહીં બેઠા બેઠા તમારી આવી સરસ પત્નીને જોઈને જ ધરાતા નથી કે?"

અવંતી પણ ઉસ્તાદ હતો. તે બોલ્યો : "જરૂર, જરૂર! પણ નાસ્તો કરતાં કરતાં તને જોઉં તો મને એથી પણ વધારે તૃપ્તિ થાય!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

સારી શિખામણ !

એક દિવસ અવંતીને મન્જૂરી કરવાનું મન થયું. તેણે એક લાંબું દોરડું લીધું અને બજારમાં જઈને તે બેઠો.

તે બધા મન્જૂરો વચ્ચે બેઠો હતો, એવામાં ત્યાં એક માણસ આવીને કહેવા લાગ્યો : " મારી પાસે કપરકાબીથી ભરેલી એક પેટી છે. જો કોઈ એને મારા ઘર સુધી પહોંચાડશે, તો હું એને ત્રણ સારી શિખામણ મન્જૂરી પેટે આપીશ. બોલો, છે કોઈ તૈયાર ? "

આ સાંભળીને બધા મન્જૂરોએ એના તરફ કશું ધ્યાન ન આપ્યું. પણ અવંતીને થયું : " પૈસા જેવી વસ્તુ તો ગમે ત્યારે મેળવી શકાય એમ છે. પણ સારી શિખામણ મળવી મુશ્કેલ હોય છે. માટે એ કઈ ત્રણ શિખામણ આપે છે એ હું સાંભળું તો ઠીક. એ બહાને થોડું જાણવાનું તો મળશે ! " એમ વિચારીને તેણે એ પેટી ઉપાડવાની હા પાડી.

હવે રસ્તે ચાલતાં ચાલતાં અવંતીએ પેલા માણસને કહ્યું. " તમે મને શિખામણ આપવાના હતા એનું શું ? રસ્તે ચાલતાં ચાલતાં આપશો તોયે ચાલશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા માણસે કહ્યું : "તો સાંભળ. જો તને કોઈ એમ કહે કે, પેટ ભરીને મુસાફરીએ જવા કરતાં ભૂખ્યા જવું એ વધારે સારું છે, તો તારે એની વાત સાચી માનવી નહીં."

"વાહ! આ તો બહુ સારી શિખામણ કહેવાય!" અવંતી રાજી થતો બોલ્યો.

થોડું આગળ ચાલ્યા પછી અવંતીએ કહ્યું : "શેઠસાહેબ, હવે બીજી શિખામણ કહો!"

પેલો માણસ બોલ્યો : "જો કોઈ તને એમ કહે કે, ઘોડા પર સવારી કરીને જવા કરતાં પગે ચાલીને જવું વધારે સારું છે, તો તારે એ માનવું નહીં."

"અચ્છા! આ શિખામણ પણ બહુ સારી કહેવાય!" અવંતીએ કહ્યું.

થોડેક દૂર ગયા પછી અવંતી બોલ્યો : "હવે ત્રીજી શિખામણ કહી નાખો તો સારું."

પેલો માણસ મૂછમાં હસતો હસતો બોલ્યો : "જો તને કોઈ એમ કહે કે, તારા કરતાં પણ વધારે મૂરખ મન્નૂર બીજો હોઈ શકે, તો તું એનું માનતો નહીં."

એ માણસ એટલું બોલી રહ્યો, ત્યાં તો અવંતીએ દોરડું ખેંચીને પોતાના માથા પરની પેટી જમીન પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતી મૂકીને કહ્યું : "અને મારા સાહેબ, જો તમને કોઈ એમ કહે કે, આ પેટીમાંનાં કપરકાબી ભાંગેલાં નથી, તો તમે એનું કદી માનશો નહીં!"

૨૦

કઢાઈનું બચ્ચું!

અવંતીના ગામમાં એક પૈસાદાર માણસ રહેતો હતો. આખા ગામમાં કંજૂસ તરીકે તેની નામના ફેલાયેલી હતી. એક દિવસ અવંતીને થયું, 'લાવ, આ કંજૂસ શેઠિયાને જરા સીધો કરું.'

એમ વિચારીને અવંતી પેલા પૈસાદાર કંજૂસ પાસે ગયો અને એને વાત વાતમાં ભોળવી નાખીને એની પાસેથી મોટી કઢાઈ, અમુક ભાડું આપવાનું ઠરાવીને, પોતાને ઘેર લઈ આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંજૂસ માણસ પોતાની નાનામાં નાની ચીજ પણ કોઈને આપતો નહોતો; એટલે અવંતીને એને ત્યાંથી કઢાઈ લઈ જતો જોઈને લોકોને નવાઈ જેવું લાગ્યું.

બેએક દિવસ પછી અવંતી ખુશમિજાજમાં આવીને પેલા કંજૂસ શેઠને ત્યાં જઈને કહેવા લાગ્યો : "ધન્યવાદ! શેઠસાહેબ, ધન્યવાદ!"

શેઠે નવાઈ પામીને પૂછ્યું : "કેમ અલ્યા અવંતી, તું આજ કાંઈ બહુ ખુશ દેખાય છે?"

અવંતી બોલ્યો : "અરે શેઠસાહેબ, તમારી કઢાઈ તો બહુ ચમત્કારી છે!"

શેઠ — "મારી કઢાઈને કશું થયું છે કે શું?"

અવંતી — "અરે સાહેબ, તમારી કઢાઈને તો બચ્ચું અવતર્યું છે!"

શેઠે અચંબો પામીને કહ્યું : "તું કેવી વાહિયાત વાત કરે છે! એવું તે કંઈ બનતું હશે?"

અવંતીએ તરત જ નાનીશી કઢાઈ બતાવીને કહ્યું : "જુઓ, આ રહ્યું એનું બચ્ચું! એ એની મા જેવું બરોબર દેખાય છે કે નહીં?"

શેઠને થયું, 'આ અવંતી સાવ મૂરખનો સરદાર છે! એવા મૂરખાને ધૂતવાની તક જતી કરું તો મારા જેવો બીજો કોઈ મૂરખો નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ વિચારીને તે જાણે આનંદ પામતો હોય એમ બોલ્યો : "વાહ! બચ્ચું બરોબર એની કઢાઈ મા જેવું જ દેખાય છે!"

અવંતીએ એ કઢાઈ શેઠના હાથમાં મૂકી; એટલે તેને આનંદથી હાથમાં આમ તેમ ફેરવીને શેઠ કહેવા લાગ્યો : "કેટલું સુંદર બચ્ચું છે!"

શેઠને આમ રાજી થતો જોઈને અવંતી ત્યાંથી જવા તૈયાર થયો. એટલે શેઠ બોલ્યો : "મારી એ કઢાઈને બરોબર સાચવજે. અને જોતો રહેજે કે, એ બીજાં બચ્ચાં પણ જણતી રહે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાતને થોડા દિવસ થયા પછી અવંતી એક દહાડો ઉદાસ મોં કરીને શેઠને કહેવા લાગ્યો : "શેઠસાહેબ, બહુ બૂરું થઈ ગયું! હવે શું થાય?"

શેઠે નવાઈ પામીને પૂછ્યું : "અલ્યા, શું થયું? જરા તોડ પાડીને બોલને!"

અવંતી રડતો અવાજ કાઢીને બોલ્યો : "શેઠસાહેબ, તમારી કઢાઈ મરી ગઈ!"

શેઠને થયું કે, આ અવંતી મને બનાવે છે. એટલે તે ગુસ્સાભર્યા અવાજે બોલ્યો : "જા, જા; કોને બનાવે છે! કઢાઈ તે કોઈ વાર મરતી હશે બરી?"

અવંતી કહે : "સાહેબ, જો કઢાઈ બચ્ચાને જન્મ આપી શકતી હોય તો પછી તે મરે કેમ નહીં?"

શેઠને થયું, આ તો અવંતીને છેતરવા જતાં એ પોતે જ છેતરાઈ ગયો! પણ તે કંઈ એકદમ નમતું આપે એવો નહોતો. એટલે તેણે કહ્યું : "ચાલો ભાઈ, હું તારી વાત માની લઉં છું કે, મારી કઢાઈ મરી ગઈ. પણ હવે એના મરેલા શરીરને તું મને સોંપી દે એટલે બસ."

અવંતી કહે : "મરેલા શરીરને બહુ વાર રાખી મૂકવામાં સાર નથી! એટલે મેં એને દાટી દીધું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે પૂછ્યું : ક્યાં ?"

અવંતી બોલ્યો : "લુહારની ભઠ્ઠીમાં !"

શેઠ તો અવંતીની ચાલબાજી જોઈને ધૂંઆકૂંઆ થઈ ગયો. પણ વધારે શોરબકોર કરવા જતાં લોકો આગળ એ જ ઉઘાડો પડી જાય એમ હોવાથી તે ગમ ખાઈને ઘરમાં ચાલ્યો ગયો.

૨૧

બે ગધેડાનો ભાર !

એક રાજા પોતાના માનીતા હજૂરિયા સાથે શિકારે જવા નીકળ્યો. રાજાએ અવંતીને પણ સાથે લઈ લીધો.

રસ્તે જતાં ખૂબ તાપ પડવા લાગ્યો. એટલે રાજાએ અને તેના હજૂરિયાએ પોતાના ડગલા કાઢી નાખીને અવંતીને ખભે નાખ્યા.

થોડી વાર પછી ભાર અને ગરમીથી અવંતીને હાંફતો હાંફતો ચાલતો જોઈને રાજાએ અવંતીનું ટીખળ કરતાં હસતાં હસતાં કહ્યું : "અરે અવંતી, તારા ઉપર ખાસા એક ગધેડાનો ભાર છે !"

અવંતીએ કહ્યું : "નહીં હજૂર, મારા ઉપર એક નહીં, પણ બે ગધેડાનો ભાર છે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय,

हरिद्वार

पुस्तक लौटाने की तिथि अन्त में अङ्कित है । इस तिथि को पुस्तक न लौटाने पर दस नये पैसे प्रति पुस्तक अतिरिक्त दिनों का अर्थदण्ड आप को लगाया जायेगा ।

५०००.११.१४ ।

અવંતીએ કહ્યું : "નહીં હન્નૂર, મારા ઉપર એક નહીં, પણ બે ગધેડાનો ભાર છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	૦.૭૫
શીલ અને સદાચાર	૦.૩૭
જાણવા જેવી વાતો	૦.૩૫
પચાસ પ્રેરક પ્રસંગો	૦.૬૨
મોટાં માણસોનાં મન	૦.૫૬
ચીન દેશનાં કથાનકો	૦.૬૨
ભક્તરાજ	૧.૦૦
પ્રતિભાનું પોત	૦.૩૭
માનવજીવનનું અજવેરાત	૦.૩૭
જીવન અને મરણ	૦.૩૭
ધર્મ-સંસ્થાપકો	૦.૩૭
સંત-સમાગમ	૦.૩૭
શેખ સાદીની બોધકથાઓ	૦.૫૦
સંતોની જીવનપ્રસાદી	૦.૩૭
ભગવાન ઈશુની બોધકથાઓ	૦.૪૦
નીતિ અને વ્યવહાર	૦.૪૦
બાપુજીની વાતો–૧	૦.૪૦
નાની નાની વાતો	૦.૫૦
લોભ અને કરુણા	૧.૫૦
शील और सदाचार	૦.૩૧
जानने जैसी बातें	૦.૫૦
बोधक कहानियाँ	૦.૮૫
Character and Conduct	૦.૩૭
Inspiring Anecdotes	૦.૩૭
In the Company of the Saints	૦.૪૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪ : મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar